**અમદાવાદનાં મહે. ૬ઠ્ઠા જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. મિરઝાપુર કોર્ટ, જિ.અમદાવાદ (ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નં.: ૧૨૨૨૮/૨૦૨૪**
**આંક :**

**ફરીયાદી : શ્રી સરકાર**
**વિરુધ્ધ**
**આરોપી : દિલીપસિંગ મોહનસિંગ પરમાર.**

**ગુન્હો :– જી.પી.એકટની કલમ–૧૦૨,૧૧૭ મુજબ.**

**// ઠ રા વ //**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે,આ કામના આરોપીએ અડચણરુપ રીતે લારી/ વસ્તુઓ રાખેલ હોવાનો ફરીયાદ મુજબનો આક્ષેપ છે.

૨. જે અન્વયે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.

૩. આરોપી ગુનો કબુલ કરતા હોઈ આરોપીની આર્થિક તેમજ સામાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે. જે સિધ્ધાંતને ધ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને, તકસીરવાન ઠરાવી જી.પી.એકટની કલમ–૧૦૨,૧૧૭ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રુા.૨૦/–(અંકે રુપીયા વીસ પુરા)નો દંડ કરવામા આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ : નવરંગપુરાકોર્ટ
તારીખ : ૨૨/૦૬/૨૦૨૪

(સી.વી.ભટ્ટ)
૬ઠા એડી. જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
અમદાવાદ (ગ્રામ્ય)
જી.જે૦૧૩૯૫